# ગુજરાત સરકાર :: અંદાજપત્ર ૨૦૨૨–૨૩

## પ્રેસનોટ–૧૧

## કરવેરા અંગેની દરખાસ્તો

## તારીખ ૦૩–૦૩–૨૦૨૨

કોવિડની વૈશ્વિક મહામારીના કારણે છેલ્લા બે વર્ષમાં રાજ્યના લોકોની આર્થિક પ્રવૃત્તિઓ ઉપર વિપરીત અસર પડેલ છે. આ સંજોગોમાં, મંદ પડેલી આર્થિક પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા રાજ્ય સરકારે કરવેરાની રાહતો તેમજ અન્ન સલામતિના પગલાઓની જાહેરાત કરેલ છે.

જેમાં મુખ્યત્વે,

- પેટ્રોલ અને ડીઝલ ઉપરના મૂલ્ય વર્ધિત વેરામાં અનુક્રમે ૬.૪% અને ૫.૩% નો ઘટાડો કરી વેચાણ કિંમતમાં પ્રતિ લીટર ₹૭ ની રાહત.
- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ એલપીજી કનેક્શન તથા સ્વ સહાય જૂથ–સખી મંડળની મહિલાઓને લોન માટેના દસ્તાવેજો ઉપર લાગતી સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ.
- કોન્ટ્રાક્ટ કેરેજ બસોને માસિક ધોરણે ભરવાનાં થતાં મોટર વાહન વેરામાંથી મુક્તિ.
- હોટલ, રેસ્ટોરન્ટસ, વોટરપાર્ક, સિનેમાઘરો–મલ્ટીપ્લેક્ષ અને જીમ્નેશિયમને વર્ષ ૨૦૨૧–૨૨ માટે મિલકત વેરો ભરવામાંથી મુક્તિ.
- હોટલ, રેસ્ટોરન્ટસ, વોટરપાર્ક, સિનેમાઘરો–મલ્ટીપ્લેક્ષ અને જીમ્નેશિયમને વર્ષ ૨૦૨૧–૨૨ માટે વીજબીલમાં ફિક્સ ચાર્જ ભરવામાંથી મુક્તિ આપવાની બાબત વગેરેનો સમાવેશ આ રાહતોમાં થાય છે.

માન. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને ચરિતાર્થ કરી આ વિકાસયાત્રા અવિરત રહે તે માટે આ અંદાજપત્રમાં હયાત વેરાના દરોમાં કોઈપણ ફેરફાર નહી કરવાની અને નવા કોઈ વેરા નહીં નાખવાનો રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે.

**સરકારી અને ખાનગી ક્ષેત્રમાં કાર્યરત વેતન મેળવતા નવોદિત મધ્યમ વર્ગને રાહત આપવા વ્યવસાયવેરાના કાયદા હેઠળ હાલના માળખામાં ₹૬,૦૦૦ થી ₹૮,૯૯૯ તથા ₹૯,૦૦૦ થી ₹૧૧,૯૯૯ સુધીની આવક મેળવનાર ઉપરના અનુક્રમે ₹૮૦ તથા ₹૧૫૦ ના માસિક વ્યવસાયવેરાના બે સ્લેબ નાબુદ કરી હવે ₹૧૨,૦૦૦ સુધીના માસિક પગાર કે વેતન મેળવનાર પગારદારો અને વેતનદારોને વ્યવસાયવેરો ભરવામાંથી સંપૂર્ણ મુકિત આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. આ ઘટાડાથી વ્યવસાયવેરો ભરતા મધ્યમ વર્ગના આશરે ૧૫ લાખ કરદાતાઓને ₹૧૯૮ કરોડની રાહત મળશે.**

*****